# ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી

ચોથો માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦

Phone : (079) 232-58659 | Website : https://gujrera.gujarat.gov.in


ક્રમાંક : ગુજરેરા/પરિપત્ર-૩૪/૨૦૨૨ તા. 0 4 OCT 2022

## પરિપત્ર

વિષય : ગુજરેરા પોર્ટલ પર ત્રિમાસિક અહેવાલ ભરવા બાબત.

સંદર્ભ :
1. ગુજરેરાનો તા.૦૮/03/૨૦૨૨ નો હુકમ-૬૩
2. ગુજરેરાનો તા.૦૮/૦૬/૨૦૨૨ નો પરીપત્ર-33

ગુજરેરાના હુકમ નં. ૬૩ અન્વયે પ્રમોટરશ્રી દ્વારા ભરવાના થતા ત્રિમાસિક અહેવાલ (QPR) નાણાંકીય વર્ષ (Financial Year) ૨૦૨૨-૨૩ થી રોલીંગ ક્વાર્ટર (ત્રિમાસિક અહેવાલ) પદ્ધતિને સ્થાને ફાઈનાન્શીયલ ક્વાર્ટર (Financial Quarter) અનુસાર ભરવાની પદ્ધતિ અમલમાં આવેલ હતી.

રેરા પોર્ટલ ૧.૦ માં પ્રમોટર્સ દ્વારા પ્રોજેકટસના ત્રી-માસીક (Q-i) અહેવાલ હાલની સ્થિતીએ રોલીંગ ક્વાર્ટર (ત્રિ-માસિક અહેવાલ) મુજબ ભરવાની પદ્ધતિ ચાલી રહેલ છે તેની સ્થાને ફાઈનાન્શીયલ કવાર્ટર મુજબ ત્રી-માસીક અહેવાલ ભરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

વધુમાં રેરા પોર્ટલ ૧.૦ માં તારીખ ૦૭/૦૮/૨૦૨૨, ૦૭/૦૯/૨૦૨૨ અને ૦૭/૧૦/૨૦૨૨ સુધીમાં ભરવાના થતાં ત્રિ-માસીક અહેવાલ ફાઈનાન્શીયલ કવાર્ટર મુજબ ભરવાના થાય એટલે કે તારીખ ૦૭/૧૦/૨૦૨૨ સુધી ભરી શકાશે તથા ત્યારબાદના ત્રિ-માસીક અહેવાલ (રેરા પોર્ટલ ૧.૦ અને ૨.૦ માં) ફાઈનાન્શીયલ કવાર્ટર મુજબ ભરવાના રહેશે.

તમામ પ્રમોટરશ્રીઓને ઉપલબ્ધ વ્યવસ્થા મુજબના ત્રિમાસિક અહેવાલ (QPR) સત્વરે ભરી દેવા જાણ કરવામાં આવે છે. તેમજ જે પ્રમોટરશ્રીઓ દ્વારા પ્રોજેક્ટના લાગુ પડતા ત્રિમાસિક અહેવાલ (QPR) સમયસર રજૂ નહીં કરવામાં આવે તે પ્રમોટરશ્રીઓ સામે ઓથોરીટી દ્વારા નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સચિવ

ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી,

ગાંધીનગર